eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 107
June 22, 2007

## વરાછા ઝોનની ડીમોલીશનની કામગીરી



અ) બિસ્માર મિલકત ઉતારવાની/તોડવાની કામગીરી.
ડિમોલીશન–૧: ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) સરદાર હીરા ઉધોગ સહકારી મંડળી લિ. એ. કે. રોડ સબ પ્લોટ નં. ૧ માં અત્રેથી ઘર પાડવાની નોટિશ આપવામાં આવેલ. જેના અનુસંધાને મિલ્કતના માલિક પુષ્પાબેન મોરારજી રાઠોડે વિ. તેમના મિલ્કતની પ્રથમ માળની આશરે ૩૦૦ ચો.ફુટ જેટલા વિસ્તારમાં ભયજનક મિલ્કત સ્વૈચ્છિક રીતે ઉતારી પાડેલ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ)ની દબાણની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત ટી.પી.૪૯ રે.સ.ન.૧૨૧+૧૨૩/૩ પૈકી ફા.પ્લોટ નં.૧૦૯ કંતારેશ્વર મંદિર સામે આવેલ પાર્વતીનગર સોસા.સબ પ્લોટ નં.૧૭૭, ૧૭૮ માં હયાત ભોંયતળીયુ + બે માળની મિલ્કત ઉપર ત્રીજા માળ બનાવવા આર.સી.સી.સ્લેબ ભરી દેવાતા પોલીસ પ્રોટેકશન મેળવી અન્ય ઝોનના સ્ટાફની મદદથી અંદાજે ૮૦૦ ચો.ફૂટનો આર.સી.સી.સ્લેબ તોડી .....

**વધુ માટે કલીક કરો >>>>>>**




## પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ કામગીરી.

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ તથા મે. કમિશનરશ્રીની મીટીંગમાં થયેલ સૂચનના સંદર્ભમાં ઝોન વિસ્તારના ગામતળ વિસ્તારોમાં ભયજનક (બિસ્માર) મિલ્કતોનો સર્વે હાથ ધરેલ. આ સર્વે દરમ્યાન રાંદેર ગામતળમાં(૧) ટીકા નં. ૮, નોંધ ૨૧૩, મુન્શી મસ્જીદ ટ્રસ્ટ તથા (૨)ટીકા નં. ૧, નોંધ નં.૧૪૧ વાળી મિલ્કતો ઈન્સ્પેકશન દરમ્યાન ભયજનક માલુમ પટેલ. આ મિલ્કતોથી આજુબાજુ વિસ્તારના રહીશો તથા રસ્તે ચાલતા રાહદારીઓને અકસ્માત કે જાનહાનિ થાય તેવો ભય હોય તથા ચોમાસા દરમ્યાન વરસાદને કારણે પણ આ મિલ્કતો બેસી જાય તેવી સ્થિતિમાં હોય, .....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ ઝોન ધ્વારા યોજવામાં આવેલ મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા અંગેની જન જાગૃતિ આરોગ્યલક્ષી રેલી

તા.૧૮/૦૬/૦૭ નાં રોજ વી.બી.ડી.સી. વિભાગ સાઉથ ઝોન (ઉધના) દ્વારા જુન–જુલાઈ મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વિરોધી માસ તરીકે ઉજવવાનો હોય, તે અંતગર્ત મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વિગેરે વેકટર બોર્ન રોગો અંગે જનજાગૃતિ માટે એક રેલીનું ડે.મ્યુ.કમિશનરશ્રી મહેશસિંહઘના અધ્યક્ષ સ્થાન હેઠળ આયોજન કરેલ હતું. આ જન જાગૃતિ રેલીમાં સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેનશ્રી મૂળજીભાઈ ઠકકર, કોર્પોરેટરશ્રી સિધ્ધાર્થભાઈ સરદાર, શ્રી શૈલેષભાઈ જરીવાલા, શ્રીમતી કેસરદેવી જૈન, શ્રી કિશોરભાઈ વાઘેલા, શ્રી રામપ્યારે સરમા, શ્રી કાંતિભાઈ જોષી, શ્રીમતી સુશીલાબેન હટકર તથા કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.આઝાદ,..

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી

નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજરોજ તા. ૨૦/૦૬/૦૭ ના રોજ ઝોનના વડા ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને ફુલપાડા વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપુર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા (૧) નિખાલસનગર ઝુંપડપટ્ટી તેમજ સંજયનગર ઝુંપડપટ્ટી (૨) સ્મૃતિ સોસાયટી વિભાગ–એ(૩) ઉત્કલનગર નહેર(૪) જૂની જીઆઈડીસી.....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત વર્ષ–૨૦૦૭ નિમિત્તે સેન્ટ્રલ ઝોન ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી

"નિર્મળ ગુજરાત નિર્મળ સુરત – ૨૦૦૭" અભિયાન અંતર્ગત તા.૨૦/૦૬/૦૭ ને બુધવારના રોજ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૧૧ ચૌટાપુલ વિસ્તારમાં (૧)લાલગેટ થી ક્રાઉન ડેરી નાણાવટ મેઈન રોડ (૨)સાંઈબાબાના મંદિરથી નરીમાન હોમ થઈ તૂર્કિવાડ (૩)સોદાગરવાડ કન્ટેઈનર થી નવલશા કોઠા (૪)નવા સાંઈબાબા મંદિર બેન્ક ઓફ બરોડા થી ભરૂચા બેકરી રોડ વિસ્તાર તથા આજુબાજુના વિસ્તારની સફાઈ ઝુંબેશ તેમજ જનજાગૃતિનો કાર્યક્રમ તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. આ અભિયાનમાં...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા ટેક્ષ પેયર્સ એજયુકેશન અવરનેશ પ્રોગ્રામ

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ઝોનલ ચીફ (ડે.કમિશનર–સ્પે.) શ્રી પ્રદીપસિંહ ઝાલાની સુચનાથી "વદદગચો" પ્રોજેકટ અન્વયે ટેક્ષ પેયર્સ એજયુકેશન અવરનેશ પ્રોગ્રામનું તા.૧૯/૦૬/૦૭ ના રોજ સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ કલાક દરમ્યાન ઉમરા પોલિસ સ્ટેશન, ઓડીટોરીયમ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જુના તથા નવા વિસ્તારમાં આવેલ જમીન/ઈમારતોની વાર્ષિક ભાડા કિમત તથા નેટ કરપાત્ર કિંમતની ગણતરીની પધ્ધતિની આકારણી ગાઈડ લાઈનની જાણકારી તથા સંપૂર્ણ સમજ આપવામાં આવેલ.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારની કામગીરી

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨૯ (રાંદેર), રે.સ.નં. ૧૬૭ પૈકી, ફા.પ્લોટ નં.૧૮ માં આવેલ હરીઓમ નગર સોસા.ના સબ પ્લોટ નં. ૭/બી વાળી મિલ્કતના માજીનમાં આર.સી.સી. કોલમ, બારી–બારણાના ચોકઠા બેસાડવા સહિતનું ચણતર, પ્લાસ્ટર કરી આર.સી.સી. સ્લેબ ભરવા સહિતનું આશરે ૪૨૫ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવેલ જેને આજ રોજ તા.૨૦/૦૬/૦૭ ખાતાકીય રાહે તોડીને માર્જીનનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વરાછા ઝોનની ડીમોલીશનની કામગીરી

### અ) બિસ્માર મિલકત ઉતારવાની/તોડવાની કામગીરી.

ડિમોલીશન–૧: ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) સરદાર હીરા ઉદ્યોગ સહકારી મંડળી લિ.




એ. કે. રોડ સબ પ્લોટ નં. ૧ માં અત્રેથી ઘર પાડવાની નોટિશ આપવામાં આવેલ. જેના અનુસંધાને મિલ્કતના માલિક પુષ્પાબેન મોરારજી રાઠોડે વિ. તેમના મિલ્કતની પ્રથમ માળની આશરે ૩૦૦ ચો.ફુટ જેટલા વિસ્તારમાં ભયજનક મિલ્કત સ્વૈચ્છિક રીતે ઉતારી પાડેલ.

ડિમોલીશન–૨ : પુણા ખાતે સહયોગ સોસા.ની બાજુમાં આવેલ ખાડી (૬.૦૦ ચો.મી) કિનારે આવેલ સત્યનારાયણ સોસા. ગાળા નં. સી–૬૧૧ જેની માલિકી શ્રી ચતુરભાઈ નાગજીભાઈની છે. સદર બાંધકામ ખાડી કિનારે રેલને કારણે કોલમ, બીમ તુટી જતાં બાંધકામ નમી ગયેલ હોવાથી જેનું બાંધકામ મકાન માલીક પાસે તોડવાનું કામગીરી કરવામાં આવેલ.

### બ) સરથાણા– વાલક ખાતે રહેઠાંણની સોસા.માં બનાવેલ ગે.કા. દુકાનોનું ડીમોલીશન

ડિમોલીશન–૧: ટી.પી. સ્કીમ નં.૨૨(સરથાણા– વાલક) માં આવેલ શ્યામધામ સોસાયટીના ગાળા નં.૮૪ ના મિલ્કતદાર શ્રી ભરતભાઈ તથા ઈશ્વરનગર સોસા.ના ગાળા નં. ૫૨ ના મિલ્કતદાર શ્રી ગોવિંદભાઈ તરફથી તેઓની મિલકતમાં ગ્રાઉન્ડ ફલોર પર દુકાન બનાવવાના ઈરાદે શટર બેસાડેલ હતાં. જે આજ રોજ દબાણ ખાતાના સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ છે. તથા ૨ (બે) શટર જમા લેવામાં આવેલ છે.

### ક) પુણા ખાતે ગે.કા. બાંધકામનું ડીમોલીશન

ડિમોલીશન–૧: નાલંદા વિધાલયની પાછળના ભાગે સત્યનારાયણ સોસા. પ્લોટ નં. ૪૩૭ જેની માલિકી શ્રી પ્રવીણભાઈ ઝીણાભાઈ માદલીમાં છે. તેઓ દ્વારા ત્રીજા માળે ફલેટ બનાવવાનાં ઈરાદે આશરે ૪૦૦ ચો.ફુટ જેટલુ બાંધકામ કરવામાં આવેલ હતું. જેનુ ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ.



ડિમોલીશન –૨ : નાંલદા વિધાલયથી કારગીલ ચોક તરફ જતાં રસ્તા ઉપર નારાયણ નગર વિ–૧ નાં સબ પ્લોટ નં.૨૬૮માં રોડ તરફના મારજીનમાં આશરે ૨૦૦ ચો.ફુટ વિસ્તારમાં ૨ (બે) દુકાનો બનાવવામાં આવી હતી જે તોડવાનું કામ પ્રગતિમાં છે.

### ડ) ડુંભાલ મગોબ ખાતે આવેલ ભાગ્યોદય ઈન્ડ્. સોસા.ખાતે ડીમોલીશન

ડિમોલીશન–૧ : ટી.પી.સ્કીમ નં.૩૪માં આવેલ ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના સબ પ્લોટ નં.૮૮–૮૯ ના પ્રથમ માળનું પાછળના ભાગે માર્જીનમાં કરેલ ૩૨×૧૦ ફૂટનું આશરે ૩૨૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયેદસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૧૦૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે. સદર બાંધકામ શ્રી નિલેશભાઈ જીતેન્દ્રભાઈ ઠકકરનું હતુ.

TOP

# નોર્થઝોન (કતારગામ)ની દબાણની કામગીરી




નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત ટી.પી.૪૯ રે.સ.ન.૧૨૧+૧૨૩/૩ પૈકી ફા.પ્લોટ નં.૧૦૯ કંતારેશ્વર મંદિર સામે આવેલ પાર્વતીનગર સોસા.સબ પ્લોટ નં.૧૭૭, ૧૭૮ માં હયાત ભોંયતળીયુ + બે માળની મિલ્કત ઉપર ત્રીજા માળ બનાવવા આર.સી.સી. સ્લેબ ભરી દેવાતા પોલીસ પ્રોટેકશન મેળવી અન્ય ઝોનના સ્ટાફની મદદથી અંદાજે ૮૦૦ ચો.ફૂટનો આર.સી.સી.સ્લેબ તોડી મિલ્કતદાર પાસેથી રૂા.૨૫૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ તથા મે. કમિશ્નરશ્રીની મીટીંગમાં થયેલ સૂચનના સંદર્ભમાં ઝોન વિસ્તારના ગામતળ વિસ્તારોમાં ભયજનક (બિસ્માર) મિલ્કતોનો સર્વે હાથ ધરેલ. આ સર્વે દરમ્યાન રાંદેર ગામતળમાં(૧) ટીકા નં. ૮, નોંધ ૨૧૩, મુન્શી મસ્જીદ ટ્રસ્ટ તથા (૨)ટીકા નં. ૧, નોંધ નં.૧૪૧ વાળી મિલ્કતો ઈન્સ્પેકશન દરમ્યાન ભયજનક માલુમ પટેલ. આ મિલ્કતોથી આજુબાજુ વિસ્તારના રહીશો તથા રસ્તે ચાલતા રાહદારીઓને અકસ્માત કે જાનહાનિ થાય તેવો ભય હોય તથા ચોમાસા દરમ્યાન વરસાદને કારણે પણ આ મિલ્કતો બેસી જાય તેવી સ્થિતિમાં હોય, આ તમામ મિલ્કતો જાહેર જનતાના હિતમાં ઉતારી પાડવી ખુબ જ જરૂરી હતી. જેથી કરીને ભવિષ્યમાં કોઈ અનઈચ્છિનીય બનાવ બનવા ન પામે. જેથી આજે તા.૧૮/૦૬/૦૭ ના રોજ આ મિલ્કતના મિલ્કતદારોને સ્થળ ઉપર રૂબરૂમાં સમજાવી ખાતાકીય રાહે મિલ્કતો ઉતારવાની કામગીરી હાથ ધરેલ છે.

ઉપરોકત કામગીરી રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રીની સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ઝોનના શહેર વિકાસ અને દબાણ વિભાગના સ્ટાફ મારફત શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરેલ છે.

TOP

## સાઉથ ઝોન ધ્વારા યોજવામાં આવેલ મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા અંગેની જન જાગૃતિ આરોગ્યલક્ષી રેલી

તા.૧૮/૦૬/૦૭ નાં રોજ વી.બી.ડી.સી. વિભાગ સાઉથ ઝોન (ઉધના) દ્વારા જુન–જુલાઈ મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વિરોધી માસ તરીકે ઉજવવાનો હોય, તે અંતગર્ત મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વિગેરે વેકટર બોર્ન રોગો અંગે જનજાગૃતિ માટે એક રેલીનું ડે.મ્યુ.કમિશનરશ્રી મહેશસિંહઘના અધ્યક્ષ સ્થાન હેઠળ આયોજન કરેલ હતું. આ જન જાગૃતિ રેલીમાં સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેનશ્રી મૂળજીભાઈ ઠકકર, કોર્પોરેટરશ્રી સિધ્ધાર્થભાઈ સરદાર, શ્રી શૈલેષભાઈ જરીવાલા, શ્રીમતી કેસરદેવી જૈન, શ્રી કિશોરભાઈ વાઘેલા, શ્રી રામપ્યારે સરમા, શ્રી કાંતિભાઈ જોષી, શ્રીમતી સુશીલાબેન હટકર તથા કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.આઝાદ, આસી.આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્રભાઈ પટેલ, ઈ.ચા.જતુંનાશક અધિકારીશ્રી ડો.કે.જી.વૈષ્ણવ, આસી.જંનતુનાશક અધિકારી શ્રીકે.બી.દેસાઈ, ઈ.ચા. એ.આર.ઓ.શ્રી નવલસિંહ સોલંકી તેમજ ડે.ઈજનેરશ્રી એમ.સી.શાહ સહિત એસ.આઈ./એસ.એસ.આઈ./પ્રા.હે.વર્કર/મુકાદમ તથા તમામ કામદારો તેમજ કેરાલા સમિતિ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના શિક્ષકગણ અને ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રેલીને સફળ બનાવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ તેમજ પ્રાઈમરી હેલ્થ વર્કરોએ ડેન્ગ્યુ, ફાઈલેરીયા, ચીકનગુનીયા વિગેરે રોગોથી બચવા લેવા જોગ પગલાંઓ અંગે બેનરો, સૂત્રોચ્ચાર તથા પેમ્પ્લેટ વિતરણ થી જાહેર જનતાને આરોગ્ય શિક્ષણ આપ્યું હતું. સદર રેલી ઉધનાઝોન વહીવટી ભવનથી શરૂ કરી ગુરૂનગર થઈ ઉધના મેઈન રોડ થઈ ખોડીયાર માતાના મંદિર થઈ વોર્ડ નં.૨૫–બી મીરાંનગર, વોર્ડ ઓફિસ ખાતે પુર્ણ કરવામાં આવી હતી. અંતે ડે.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીએ સૌનો આભાર માન્યો હતો.

TOP

# નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત  વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી

નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત  વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજરોજ તા. ૨૦/૦૬/૦૭ ના રોજ ઝોનના વડા ડે. કમિશ્નરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને ફુલપાડા વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપુર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા (૧) નિખાલસનગર ઝુંપડપટ્ટી તેમજ સંજયનગર ઝુંપડપટ્ટી (૨) સ્મૃતિ સોસાયટી વિભાગ–એ(૩) ઉત્કલનગર નહેર(૪) જૂની જીઆઈડીસી(પોપ્યુલર બ્રેડ ફેકટરી રોડ)(૫) ફુલપાડા ગામતળ પાંચ પાંડવ ઓવારા તેમજ લાલકાકાનો ઓવારો(૬)ગીતાનગર (ખડી મોહલ્લો)(૭) જીઆઈડીસી ચાર રસ્તાથી ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ સુધીના વિસ્તારમાં સ્વચ્છ્તા અભિયાન સફળતા પુર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારોમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહીત સફાઈ કામગીરી કરવામાં આવેલ સાથે આરોગ્ય વિષયક લોક જાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ તેમજ ફાઈલેરીયા–મેલેરીયા વિભાગ દ્વારા મેલેરીયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડ્રેમોસ્ટેશન  દ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ છે.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યૂસન્સ કરતા ૯૨ ઈસમોને નોટીસ આપેલ છે. તથા વહીવટી ચાર્જ રૂા.૨૩૫૦/– વસૂલ લેવામાં આવેલ છે. ખાણી–પીણી લારી/હોટલ કુલ ૪૪ ચેક કરવામાં આવેલ છે. પ્રતિબંધીત પ્લાસ્ટીકની થેલીઓ/માવાના કાગળો ૦૩.૫૦૦ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ છે. જંતુનાશક દવા ચૂનો – ૫૫૦ કિ.ગ્રા. મેલેથીઓન–૨૫ કિ.ગ્રા.નો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઝુંબેશમાં શ્રમદાન કરેલ જે જોઈને સ્થાનીક નાગરિકો પણ સ્વયંભુ અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ કરવામાં સહકાર આપવામાં આવેલ છે.

TOP

# નિર્મળ ગુજરાત –નિર્મળ સુરત વર્ષ–૨૦૦૭ નિમિત્તે સેન્ટ્રલ ઝોન ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી

"નિર્મળ ગુજરાત નિર્મળ સુરત – ૨૦૦૭" અભિયાન અંતર્ગત તા.૨૦/૦૬/૦૭ ને બુધવારના રોજ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૧૧ ચૌટાપુલ વિસ્તારમાં (૧)લાલગેટ થી ક્રાઉન ડેરી નાણાવટ મેઈન રોડ (૨)સાંઈબાબાના મંદિરથી નરીમાન હોમ થઈ તૂર્કિવાડ (૩)સોદાગરવાડ કન્ટેઈનર થી નવલશા કોઠા (૪)નવા સાંઈબાબા મંદિર બેન્ક ઓફ બરોડા થી ભરૂચા બેકરી રોડ વિસ્તાર તથા આજુબાજુના વિસ્તારની સફાઈ ઝુંબેશ તેમજ જનજાગૃતિનો કાર્યક્રમ તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. આ અભિયાનમાં આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, ડે.ઈજનેરશ્રી જોષી, આસી.આરોગ્ય અધિકારી ડો.પી.એચ.ઉમરીગર હાજર રહ્યા હતા. આ કામગીરી દરમ્યાન ન્યુસન્સ કરવા બદલ ૭૬ ઈસમોને નોટીસ તેમજ ૧૧ ઈસમોને રૂા.૧૦૫૦/– પૈસા દંડ કરવામાં આવ્યો હતો. તેમજ ૮૫૮ ઘરોનો સર્વે કરી ૦૭ ઘરોમાં મચ્છરના ઉત્પતિ સ્થાન શોધી ૦૭ ઈસમો નોટીસ, તેમજ ૫૫ વ્યકિતઓની સ્લાઈડ મેળવી મેલેરીયાની ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે. તે ઉપરાંત તે વિસ્તારના ૧૬ જેટલા જાળીયાની સફાઈ કરાવવામાં આવી હતી.

TOP

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા ટેક્ષ પેયર્સ એજ્યુકેશન અવરનેશ પ્રોગ્રામ

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ઝોનલ ચીફ (ડે.કમિશ્નર–સ્પે.) શ્રી પ્રદીપસિંહ ઝાલાની સુચનાથી ''વદદગચો'' પ્રોજેકટ અન્વયે ટેક્ષ પેયર્સ એજયુકેશન અવરનેશ પ્રોગ્રામનું તા.૧૯/૦૬/૦૭ ના રોજ સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ કલાક દરમ્યાન ઉમરા પોલિસ સ્ટેશન, ઓડીટોરીયમ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જુના તથા નવા વિસ્તારમાં આવેલ જમીન/ઈમારતોની વાર્ષિક ભાડા કિમત તથા નેટ કરપાત્ર કિંમતની ગણતરીની પધ્ધતિની આકારણી ગાઈડ લાઈનની જાણકારી તથા સંપૂર્ણ સમજ આપવામાં આવેલ.

સુરત મહાનગર સેવાસદનના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા કયા પ્રકારના મિલ્કત વેરા કયા દરે લેવામાં આવે છે તેમજ મિલ્કત વેરામાં કયા કયા વેરાઓનો સમાવેશ થાય છે તથા મિલ્કત વેરાના સ્ટ્રકચરની સમજ, ટેક્ષની ગણતરી દ્રષ્ટાંત સહીત બીલીંગ પ્રક્રીયા નોટીસ તથા મિલ્કત ટાંચ લેવાના હુકમ, (હરાજી) થી વેરાની વસૂલાતની પ્રક્રિયા ઉપરાંત ટેક્ષ રીબેટ/વળતરની જાણકારી આપવામાં આવેલ.

''JnNURM'' પ્રોજેકટ અન્વયે સને ૨૦૦૮–૦૯ થી અમલમાં આવનાર એરીયા બેઈઝ પ્રોપર્ટી ટેક્ષ પધ્ધતિના પ્રારંભીક ચીતાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સ્લાઈટસ દ્વારા દર્શાવવામાં આવેલ સદર ટેક્ષ પેયર્સ એજયુકેશન અવરનેશ પ્રોગ્રામથી પ્રોગ્રામમાં ભાગ લેનાર કરદાતા તેમના પોતાના/તેમની આજુ બાજુના /તેમની સોસાયટીના/તમામ કરદાતાઓની મિલ્કત વેરાની જાણકારી/ગણતરી સહેલાઈથી કરી શકશે તેમજ માર્ગદર્શન આપી શકશે. કરદાતાઓમાં મિલ્કત વેરા અંગેનો જે ભય છે તે પણ ઓછો/દર થશે. ઉપરોકત તમામ માહિતીઓનું વિસ્તૃત વિવરણ અને સમજ જુના તથા નવા વિસ્તારના કરદાતાઓને કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ આકારણી અને વસુલાત અધિકારી (અઠવા ઝોન) શ્રી ભાણાભાઈ એલ. પટેલ દ્વારા પુરુ પાડવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમનું સંચાલનશ્રી ભામ તથા શ્રી મનોજ દેસાઈ દ્વારા કરવામાં આવેલ જેમાં પાવર પ્રેઝન્ટેશન તથા આભાર વિધિ શ્રી અજય ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારની કામગીરી

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨૯ (રાંદેર), રે.સ.નં. ૧૬૭ પૈકી, ફા.પ્લોટ નં.૧૮ માં આવેલ હરીઓમ નગર સોસા.ના સબ પ્લોટ નં. ૭/બી વાળી મિલ્કતના માર્જીનમાં આર.સી.સી. કોલમ, બારી–બારણાના ચોકઠા બેસાડવા સહિતનું ચણતર, પ્લાસ્ટર કરી આર.સી.સી. સ્લેબ ભરવા સહિતનું આશરે ૪૨૫ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવેલ જેને આજ રોજ તા.૨૦/૦૬/૦૭ ખાતાકીય રાહે તોડીને માર્જીનનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુમાં, નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૮ (પાલનપુર) ના બ્લોક નં. ૭૫/એ, બી પૈકી ૯.૦૦ મી. ના ટી.પી. રસ્તામાં કુદરતી પાણીના રસ્તામાં અવરોધરૂપ જુની પાલનપુર ત્રણ ચેક પોસ્ટ પાસે ચણતર, પ્લાસ્ટર કરી સીમેંટના પતરા નાખવા સહિતનું આશરે ૪૫૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવેલ. જે બાંધકામ પણ આજ રોજ તા.૨૦/૦૬/૦૭ ના રોજ અત્રેની કચેરી દ્વારા તોડી નાખવામાં આવેલ છે. સદરહુ બાંધકામ દુર થવાથી કુદરતી પાણીના વહનમાં થતો અવરોધ દુર થઈ નજીકના ચોમાસાની ઋતુમાં પાણીના ભરાવાના કારણે થતી હાલાકી ઘટી જવા પામેલ છે.

ઉપરોકત તમામ કામગીરી અત્રેના રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રીની સુચનાથી તથા કાર્યાલક ઈજનેરશ્રીના માર્ગદશન હેઠણ ઝોનના શહેર વિકાસ અને દબાણ વિભાગ દ્વારા શાંતિપૂર્વક પુરી કરવામાં આવી છે.

TOP